પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦ | ૨૧ માર્ચ, ૨૦૨૧, રવિવાર; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જાપાનમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ

## સુનામી અંગે એલર્ટ જાહેર : ભૂકંપ પછી કાંઠા સાથે અથડાયા ૧ મીટર ઊંચા દરિયાઈ મોજાં

ટોક્યો,તા.૨૦

જાપાનમાં શનિવારે ભૂકંપના તેજ આંચકા આવ્યા હતા. આ ભૂકંપની તીવ્રતા ૭.૨ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યાનુસાર શનિવાર બપોરે દેશની રાજધાની ટોક્યોની નજીક ભૂકંપના તેજ આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપનું કેન્દ્ર ટોક્યોથી ૩૬૨ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં હતું. ભારતીય સમય અનુસાર ભૂકંપ ૨.૩૯ બપોરે આવ્યો હતો અને એ ૭૭ કિલોમીટર ઊંડો હતો.





જાપાનની મીટિરિયોલોજિકલ એજન્સીએ ભૂકંપના આંચકા પછી સુનામીની એડવાઈઝરી જારી કરવામાં આવી છે. એજન્સીએ કહ્યું હતું કે મિયાગી ક્ષેત્રમાં પ્રશાંત મહાસાગરમાં ૬૦ કિલોમીટર અંદર ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

જેએમએના અનુસાર વર્ષ ૨૦૧૧માં ભૂકંપ અને સુનામીથી પ્રભાવિત ક્ષેત્ર મિયાગીમાં ભૂકંપના આંચકા આવ્યા હતા. એજન્સીએ એક મીટર ઊંચાઈવાળી લહેરોની સુનામી આવવાની ચેતવણી જારી કરવા આવી છે.

ભૂકંપથી મિયાગીના અનેક વિસ્તારોમાં નુકસાન પહોંચ્યું છે. અહીં જાપાનનો એક ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ પણ છે, જે હાલ સુરક્ષિત હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ગત મહિને જાપાનના પૂર્વી સમુદ્રકાંઠે ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એ સમયે સુનામીની કોઈ જ ચેતવણી જાહેર કરાઈ ન હતી. હજી સુધી આ ભૂકંપથી કોઈ મોટા જાનમાલના નુકસાન નથી.

ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ૧૧ માર્ચે જાપાનમાં આવેલી

● અનુસંધાન પાન-૭ પર

## આરએસએસના સરકાર્યવાહ તરીકે દત્તાત્રેય હોસબોલે નિમાયા

બેંગલુરુ, તા. ૨૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાએ દત્તાત્રેય હોસબોલેને નવા સરકાર્યવાહ ચૂંટ્યા છે. તેઓ વર્ષ ૨૦૦૯થી સંઘના સહ સરકાર્યવાહ હતા. ૬૬ વર્ષીય દત્તાત્રેય હોસબોલે કર્ણાટકના શિમોગા જિલ્લાથી છે. બેંગલુરુમાં પ્રતિનિધિ સભાની બેઠકમાં તેમને સર્વસમ્મતિથી સરકાર્યવાહ તરીકે ચૂંટવીમાં આવ્યા છે. ચૂંટણીમાં સુરેશ ભૈયાજી જોષીની જગ્યાએ દત્તાત્રેય હોસબોલેને નવા સરકાર્યવાહ ચૂંટવામાં આવ્યા છે. જોકે આ પદ માટે દત્તાત્રેય હોસબોલેનું નામ પહેલેથી જ ચર્ચામાં હતું. આરએસએસના નિર્ણય લેનારા સર્વોચ્ચ એકમ અખિલ ભારતિય પ્રતિનિધિ સભાની બે દિવસીય બેઠકનો આજે અંતિમ દિવસ છે. બે દિવસીય બેઠકમાં સંઘના કામકાજની સમિક્ષા કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૦૯થી ભૈયાજી જોષી સરકાર્યવાહ કહ્યાં છે. જોષી આ પદ પર સતત ચાર ટર્મથી જવાબદારી સંભાળી રહ્યાં હતા. સરકાર્યવાહ આ એક માત્ર પદ એવું છે જેના માટે સંઘમાં ચૂંટણી થાય છે.

# વિમાની ભાડામાં પાંચ ટકા વધારો

નવી દિલ્હી, તા. ૨૦

દેશના હવાઈ ભાડામાં પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ઉડ્ડયન પ્રધાન હરદીપસિંહ પુરીએ ટ્વિટ કરીને માહિતી આપી કે હવાઈ ભાડાની નીચલી બેન્ડમાં પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સરકારે હવાઈ બળતણના વધતા ભાવને આ પાછળનું કારણ ગણાવ્યું છે.

આ અગાઉ ફેબ્રુઆરીમાં સરકારે ભાડામાં નીચા ભાવવાળા બેન્ડમાં ૧૦ ટકાનો અને ઉપલા બેન્ડમાં ૩૦ ટકાનો વધારો કર્યો હતો. હવે ઓછી પ્રાઈઝ બેન્ડમાં ફરીથી વધારો થયો છે. હાલમાં,

**ઉડ્ડયન પ્રધાને ટ્વિટ કરીને માહિતી આપી : ફેબ્રુઆરીમાં સરકારે ભાડામાં નીચા ભાવવાળા બેન્ડમાં ૧૦ ટકા અને ઉપલા બેન્ડમાં ૩૦ ટકાનો વધારો કર્યો હતો**

આ વધારો એપ્રિલનાં અંત સુધી ચાલુ રાખી શકે છે. હવાઈ બળતણના ભાવો જોયા પછી જ સરકાર આગળનો નિર્ણય લેશે.

હરદીપસિંહ પુરીએ એમ પણ કહ્યું કે કોરોનાને કારણે છેલ્લા કેટલાક દિવસોમાં હવાઈ મુસાફરોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. તેની પાછળનું કારણ રાજ્યોમાં વધી રહેલા કોરોના કેસ અને રાજ્યો દ્વારા લાદવામાં આવતા પ્રતિબંધ ગણાવ્યા છે. આ જ કારણ છે કે સરકાર હાલમાં ઘરેલું હવાઈ સેવાઓ સંપૂર્ણ રીતે ખોલવાનો નિર્ણય નથી લઈ રહી. એરલાઈન કંપનીઓ ૮૦ ટકા ક્ષમતા પર કામ કરવાનું ચાલુ રાખશે.

કેન્દ્ર સરકારે હવાઈ મુસાફરીનાં સમયના આધારે ભાડાની સાત કેટેગરી બનાવી છે. તમામ કેટેગરીમાં અંતર પ્રમાણે લઘુત્તમ અને મહત્તમ ભાડા નક્કી કરાયા હતા. દેશમાં લઘુતમ ભાડું ૨૮૦૦ રૂપિયા અને મહત્તમ ભાડું ૨૮ હજાર રૂપિયા રાખવામાં આવ્યું હતું.

એરલાઈન કંપનીઓ માંગ અને પુરવઠાના આધારે હવાઈ મુસાફરીનું ભાડુ નક્કી કરે છે. કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને, લોકોને આ માટે ખૂબ ઉચા ભાવ ચૂકવવા ન પડે તે માટે સરકારે આ સમય મર્યાદા નક્કી કરી છે.

# ભાજપને પાંચ વર્ષ આપો, ૭૦ વર્ષની બરબાદી દૂર કરીશું : મોદી

ખડગપુર, તા. ૨૦

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને હવે એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના ખડગપુરમાં શનિવારે જાહેરસભામાં તૃણમૂલ કોંગ્રેસ, ડાબેરીઓ અને કોંગ્રેસ બધાની ઝાટકણી કાઢી હતી. પીએમ મોદીએ કહ્યું કે ભાજપ હવે ૭૦ વર્ષ પછી અહીં થયેલી બરબાદીને દૂર કરવા આવ્યું છે. મમતા બેનરજીના ભત્રીજા અને સાંસદ અભિષેક બેનરજીના મુદ્દે નિશાન સાધતા કહ્યું કે, બંગાળમાં સીએમના ભત્રીજા એકમાત્ર સિંગલ વિન્ડો સિસ્ટમ છે અને તેની મંજૂરી વગર આગળ કોઈ જ કામ નથી થઈ શકતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીએમસી સુપ્રીમો પર પ્રહાર કરતા જણાવ્યું કે, હાલનું તંત્ર તોડબાજ તેમજ ભ્રષ્ટ લોકોથી ભરેલું છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે અને ત્રણ દિવસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ બીજી જાહેર સભા છે.

મમતા બેનરજીને આડેહાથ લેતા પીએમ મોદીએ જણાવ્યું કે,

● અનુસંધાન પાન-૭ પર



### એક 'ચા'વાળો તમારા દુઃખને નહીં સમજે તો કોણ સમજશે : મોદીનું ઈમોશનલ કાર્ડ

ચબુઆ,તા.૨૦

દેશના ચાર રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની વિધાનસભા ચૂંટણી ડે હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ચૂંટણી પ્રચારના ભાગરુપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આજે અસામના પ્રવાસે હતા. જ્યાં ચબુઆની અંદર તેમણે એક સભાને સંબોધિત કરી.

વડાપ્રધાને કહ્યું કે ચબુઆની નામની અંદર જ ચા છે. અહીં રોપાયેલો ચાનો છોડ દુનિયાભરમાં જઈને પોતાની સુગંધ ફેલાવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદે આગળ કહ્યું કે અહીં પાંચ વર્ષ પહેલા બ્રહ્મપુત્રા નદી પરના પુલોની સ્થિતિ શું હતી? તે તમે બધા સારી રીતે જાણો છો. નવા પૂલ તો દૂરની વાત છે વર્ષો પહેલા અટલજીની સરકારે જે કામ શરુ કરાવ્યું હતું તે પમ કોંગ્રેસની સરકારે અટકાવી દીધુ હતું. અમે આવા તમામ કામોને પુરા કર્યા છે. એક ચાવાળો તમારુ દુઃખ નહીં સમજે તો બીજુ કોણ સમજશે.

## કાશ્મીરમાં એફિલ ટાવર કરતાં પણ ઊંચો બ્રિજ બની રહ્યો છે

નવી દિલ્હી,તા.૨૦

કાશ્મીરમાં ચિનાબ નદી પર એફિલ ટાવર કરતા પણ ઉચો રેલ્વે પુલ બની રહ્યો છે જે એફિલ ટાવર કરતા ૩૦ મીટર ઉચો હશે. આ પુલની ઉંચાઈ ૩૨૪ મીટર છે, જે લગભગ ૮૦ માળની ઈમારત સમાન છે. કાશ્મીરમાં ચિનાબ નદી પર દુનિયાનો સૌથી ઉચો રેલ્વે બ્રિજ બની રહ્યો છે. જેનું કામ પૂર્ણ થવાના આરે છે. ભારતીય રેલ્વે દ્વારા આ પુલ તૈયાર થયા બાદ પેરિસના એફિલ ટાવર કરતા પણ ૩૦ મીટર ઉચો હશે. લગભગ ૧૩૧૫ મીટર લાંબા આ પુલની કિંમત રૂ. ૧૨૫૦ કરોડ આંકવામાં આવી રહી છે. ચિનાબ નદી પર બની રહેલો સૌથી ઉચો પુલ ભૌગોલિક સ્થિતિઓના કારણે એંજિનિયરિંગ માટે એક ખૂબ જ મહત્વના કાર્ય તરીકે જોવામાં આવી રહ્યું છે. ભારતીય રેલ્વે અનુસાર આ પુલ પર અઢીસો કિલોમીટર પ્રતિ ગતિથી હવા ચાલે તો પણ કોઈ અસર નહીં થઈ શકે.

## આગામી ત્રણ મહિનામાં પચાસ વર્ષથી વધુના નાગરિકોને રસી મળશે

નવી દિલ્હી,તા.૨૦

દેશભરમાં ચાલી રહેલા કોવિડ-૧૯ના રસીકરણના બીજા તબક્કાનું આગામી ત્રણ મહિનામાં વિસ્તરણ થઈ શકે છે અને તેમાં ૫૦ વર્ષ કે તેથી વધુની ઉંમરના લોકોને આવરી લેવાશે. શુક્રવારે અમારા સહયોગી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય અને દિલ્હી છૈંસ્જીના ડાયરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ કહી હતી. શુક્રવારે કેંદ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષ વર્ધને લોકસભામાં જણાવ્યું કે, આગામી દિવસોમાં રસી આપવાની છે તેવા લોકોના ગ્રુપમાં વિસ્તરણ કરવામાં આવશે કારણકે ઈન્ફેક્શન અને તેનો સાયન્ટિફિક કમ્યુનિટીનો રિસપોન્સ ગતિશીલ છે. હાલ ૧લી માર્ચથી વેક્સિનેશન ડ્રાઈવનો બીજો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ૬૦ વર્ષથી વધુની ઉંમરના અને બીમારી ધરાવતા ૪૫ અને તેનાથી વધુની ઉંમરના લોકોનો સમાવેશ થાય છે. ડૉ. ગુલેરિયાએ કહ્યું કે, ૬-૮ અઠવાડિયાની અંદર સ્પુટનિક વી અને ઝાયડસ કેડિલા દ્વારા ઉત્પાદિત થતી વેક્સિનને ઈમર્જન્સી ઉપયોગની મંજૂરી મળી જશે કારણકે તેમણે જરૂરી ડેટા એકઠો કરી લીધો છે. "જો માર્કેટમાં વધુ ઉત્પાદકો હશે તો હાલ વેક્સીન પૂરી પાડતી કંપનીઓ પરનું ભારણ ઘટશે. તેમજ માગ અને પુરવાઠાને આધારે અન્ય વય મર્યાદાના લોકોને પણ આ ડ્રાઈવમાં આવરી લેવાશે.

**એઈમ્સના ડાયરેક્ટરે રસીકરણ અંગે મહત્વની વાત કરી : રસીકરણનો બીજો તબક્કો ચાલી રહ્યો છે**

● અનુસંધાન પાન-૭ પર

## યુરોપના દેશોમાં ગંભીર સ્થિતિ

વોશિંગ્ટન, તા. ૨૦

ફ્રાન્સ, જર્મની, ઈટલી અને સ્પેનમાં કોરોનાના નવા મોજાને કારણે મોટાભાગના શહેરોમાં ફરી નિયંત્રણો લાદવામાં આવ્યા છે. યુરોપ કોરોનાનું ત્રીજું મોજું અટકાવવામાં નિષ્ફળ રહેતાં હવે બધાની મીટ અમેરિકા ભણી મંડાઈ છે. યુએસમાં પણ ફરી કોરોના મહામારી વકરી શકે છે. ફ્રાન્સમાં ગુરૂવારે પારિસ અને નીસ સહિત ૧૬ પ્રાંતોમાં નવા નિયંત્રણો મુકવામાં આવ્યા હતા. એ જ રીતે ઈટલીમાં રોમ અને મિલાન શહેરોમાં કડક લોકડાઉન લાદવામાં આવ્યું છે.

REQUIRED
Equity Dealers (3 Post)
Salary + Incentive
F-113/114, Opp. CNG Pump., Sector-11, Gandhinagar.
CV send to 9974703401 OR Mail : bestboi123@gmail.com

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬



## શ્રદ્ધાંજલી

પાટનગર ગાંધીનગર આંજણા ચૌધરી સમાજના મોભી અને પામોલના વતની **શ્રી મણીભાઈ પી. ચૌધરી** અક્ષર નિવાસી થયા છે. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રથમ માનદ મંત્રી તરીકે **૧૭ વર્ષ** સુધી અવિરત નોંધપાત્ર સેવાઓ આપનાર **સ્વ.મણીભાઈ પી. ચૌધરીએ** શૈક્ષણિક ક્ષેત્રે બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. સમાજના માર્ગદર્શક સ્વ.મણિભાઈ પી. ચૌધરીએ સંસ્થા અને સમાજના વિકાસમાં પણ અમૂલ્ય ફાળો આપ્યો છે. પ્રભુ સદગતના આત્માને સદગતિ સાથે ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના....

**સ્વ.મણીભાઈ પુંજીરામ ચૌધરી (પામોલ)**

સ્વ.તા.૨૦-૦૩-૨૦૨૧

મધુભાઈ કે. ચૌધરી
મહામંત્રી

હરિભાઈ વી. ચૌધરી
પ્રમુખ

હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ
શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક વિદ્યાસંકુલ
માતૃશ્રી જોઈતીબા ચૌધરી મહિલા કોલેજ કેમ્પસ
શ્રી જે.એમ.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૭, ગાંધીનગર.

સરમાઉન્ટ હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯
ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર
EMERGENCY 24 HOURS SERVICES
કોરોના દર્દીની સારવાર થશે હવે પહેલાના
(ગર્વમેન્ટ માન્ય દર) થી પણ ઓછા દરે
કોરોના માટેના મોઘા ઈન્જેકશન Remdesivir માં ૪૦%નું ડિસ્કાઉન્ટ
છેલ્લા બે મહિનામાં ૭૦ થી વધુ દાખલ કોવિડ-૧૯ દર્દીઓનો
સારવાર કરવાનો અનુભવ ધરાવતી કોવિડ સારવાર ટીમ
ઘર જેવા વાતાવરણમાં કોવિડની સારવાર એટલે સરમાઉન્ટ હોસ્પિટલ....
કોવિડ સારવાર દરમિયાન જ ગાંધીનગરની સર્વશ્રેષ્ઠ સ્વચ્છ હોસ્પિટલનો એવોર્ડ વિજેતા હોસ્પિટલ
નજીવા લક્ષણો ધરાવતા કોવિડ દર્દીઓને ઘરથી અલગ
આઈસોલેશન થવા માટે ઓછા દરે સગવડ. (જમવા સાથેની સુવિધા)
નજીવા લક્ષણો ધરાવતા કોવિડ દર્દીઓને
ઘરે સારવાર માટે હોમકેર પેકેજ પણ ઉપલબ્ધ.
વેન્ટિલેટર
ICU
2D Echo
In House Pharmacy
લેબોરેટરીની સુવિધા

કેપિટલ ઓફસેટ, ગાંધીનગર